આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૨-૦૪-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## લોકસભા ચુંટણી-ત્રીજો તબક્કો

રાજ્યમાં આગામી લોકસભાની 26 બેઠકો અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ઉમેદવારી પત્રો આજે બપોરે ત્રણ વાગ્યા સુધી પરત ખેંચી શકાશે. આજે રાજ્યનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઇ જશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમેદવારી પત્રો ભરવાની અંતિમ તારીખે લોકસભાની 26 બેઠકો માટે 492 અને વિધાનસભાની પાંચ બેઠકો માટે 39 ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા. આગામી સાતમી મેના મતદાન થશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## રાજ્ય-સુરત કોંગ્રેસ ઉમેદવાર-ઉમેદવારીપત્ર

સુરત લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ઉમેદવારી પત્ર સુરત જીલ્લા ચૂંટણી અધિકારીએ અમાન્ય ઠેરવ્યુ છે.. ઉમેદવારી પત્રમાં ટેકેદારોની સહીઓ અને સોગંદનામાની સહીઓમાં વિસંગતતા જણાતા તેને અમાન્ય જાહેર કર્યું છે.

સુરત જીલ્લા ચૂંટણી અધિકારીએ તેમના આદેશમાં જણાવ્યુ હતું કે, લોકપ્રતિનિધિત્વ અધિનિયમની 1951ની જોગવાઇઓ અનુસાર દરખાસ્ત મુકનારાઓ દ્વારા કરાયેલી સહીઓ વિશ્વાસપાત્ર ન જણાતા આ ઉમેદવારી પત્ર અમાન્ય જાહેર થયુ છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## રાજય- સુરત કોંગ્રેસ ઉમેદવારીપત્ર-પ્રતિક્રિયા

સુરત લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ઉમેદવારી પત્ર રદ કરવા બદલ ટીકા કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કહ્યું કે, આ અંગે ગુજરાત વડી અદાલતમાં અરજી કરવામાં આવશે.

અમદાવાદના કોંગ્રેસ કાર્યાલયમાં શ્રી ગોહિલે પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, આ અંગે ચૂંટણી પંચને નિષ્પક્ષ કાર્યવાહી કરવાની વિનંતી છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## કચ્છ-મતદાર જાગૃતિ કાર્યક્રમ

મતદારો જાગૃત બની વધુ મતદાન કરે તે માટે મતદાન જાગૃતિના અનેક પ્રયોજનો હાથ ધરાયા છે..

કચ્છમાં ગેસ સિલિન્ડર પર મતદાન જાગૃતિ અંગેના સ્ટીકર લગાવી લોકોને મતદાન કરવા માટે જાગૃત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## કચ્છ-ચુંટણીપંચ-ઓબ્ઝર્વર નિમણુંક

ચુંટણી પંચદ્વારા કચ્છ લોકસભા બેઠક માટેની ચુંટણી પ્રક્રિયા મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે પાંચ ઓબ્ઝર્વરની નિમણુંક કરવામાં આવી છે. જેમાં એક પોલીસ ઓબ્ઝર્વર બે જનરલ ઓબ્ઝર્વર અને બે ખર્ચ ઓબ્ઝર્વરનો સમાવેશ થાય છે. આ નિરીક્ષકો સમક્ષ ઉમેદવારો તથા નાગરિકો ચુંટણી સંબંધી ફરીયાદ કરી શકશે.

**(આશુતોષ અંતાણી/NP)**

---------------------------------------------------------------------

## કચ્છ-હાટકેશ પાટોત્સવ ઉજવણી

નાગર જ્ઞાતિના ઇષ્ટદેવ હાટકેશ્વર મહાદેવના પાટોત્સવની આજે સમગ્ર જિલ્લામાં શ્રધ્ધા ભક્તિભાવ પૂર્વક ઉમંગ ઉલ્લાસભેર ઉજવણી થશે. કચ્છનાં સહુથી પ્રાચીન એવા જીલ્લા મથક ભુજમાં ઉપલી પાળ રોડ પરનાં હાટકેશ્વર મંદિરમાં આજે સવારથી જ જ્ઞાતિજનો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટ્યા છે. હાટકેશ્વર મંદિર સંકુલમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયુ છે. જ્ઞાતિજનોની સુવિધાનાં ભાગરૂપે મંદિર સંકુલમાં નવ નિર્મિત અંબિકા સદનનાં વાસ્તુ પૂજન અને લોકાર્પણ વિધિ કરાશે. એ પછી લઘુ રુદ્ર યજ્ઞ અને શોભાયાત્રા યોજાશે. ઉપરાંત મહાપ્રસાદ સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયુ છે. જિલ્લામાં ભુજ ઉપરાંત અંજાર, ગાંધીધામ, માંડવી, મુંદ્રા વિગેરે શહેરોમાં પણ હાટકેશ પાટોત્સવની ઉજવણી કરાશે.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---------------------------------------------------------------------

## કચ્છ-અગ્રણી રસિક મામતોરાનું નિધન

કચ્છમાં ઔદ્યોગિક સામાજિક સાંસ્કૃતિક પ્રવૃતિઓ સાથે વરસોથી સંકળાયેલા રસિક મામતોરાનું ગઈકાલે નિધન થયું. તેમની વય 77વર્ષની હતી. તેઓ ફેડરેશન ઓફ કચ્છ ફ્રોકિયા સાથે તેની સ્થાપનાથી જોડાયેલા હતા.સ્વ.મામતોરા કચ્છમાં સાહિત્યિક સંસ્થાઓ સાથેની પ્રવૃત્તિમાં સક્રિય હતા. સાંધી ઉદ્યોગ ગૃહ સાથે જોડાયેલ હતા. ભુજમાં દાદા દાદી પાર્ક શરૂ કરવા માં તેઓ સહભાગી હતા. તેમના અવસાનથી જીલ્લાના ઉધૌગ તેમજ સાહિત્ય જગતમાં શોકની લાગણી ફેલાઈ છે.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---------------------------------------------------------------------

## ક્રિકેટ-આઈ.પી.એલ

ઇન્ડિયન પ્રીમિયર લીગની ગઈકાલની પ્રથમ મેચમાં કોલકતા નાઈટ રાઇડર્સ ટીમે ભારે રસાકસી ભરી મેચમાં રોયલ ચેલેન્જર ટીમને માત્ર એક રનથી હરાવી પોઇન્ટ ટેબલમાં બીજું સ્થાન મેળવ્યું હતું. ઇડન ગાર્ડન પરની મેચમાં કોલકતા ટીમે 6 વિકેટ ગુમાવી 222 રન કર્યા હતા. જવાબમાં બેંગલુરુ ટીમ 221 રનમાં આઉટ થતાં એક રન થી હાર ખમવી પડી હતી.

આઇ પી એલની બીજી મેચમાં ગુજરાત ટાઇટન્સ ટીમે પંજાબ કિંગ્સને 3 વિકેટે હાર આપી હતી. પંજાબની ટીમ 142 રનમાં આઉટ થઈ હતી. ગુજરાતની ટીમે 7 વિકેટ ગુમાવી 146 રન કરી મેચ જીતી લીધિં હતી.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## હવામાન

જીલ્લામાં છેલ્લા ત્રણેક દિવસથી પવનની વધેલી ઝડપના કારણે મહત્તમ તાપમાન નીચુ ઉતરતા જીલ્લાવાસીઓને ગરમીમાં રાહત મળી છે. ભેજના પ્રમાણમાં પણ ઉત્તાર ચડાવ આવતા બફારામાં પણ ઘટાડો અનુભવાઈ રહ્યો છે. જો કે હવામાન વિભાગે આગામી દિવસોમાં ફરીથી તાપમાન 40 ડિગ્રી ઉપર જશે તેવી સંભાવના વ્યક્ત કરી છે.

**(આશુતોષ અંતાણી/NP)**

---